# વિષય - ગણિત ૬. ભંગાર વેચનાર

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. નાણું અને વજન ને લગતા વાસ્તવિક જીવનની સરળ પરિસ્થિતિઓ સમસ્યાઓ આધારીત કોયડા બનાવે અને તેનો મૂળભૂત ચાર ગાણિતિક પ્રક્રિયાઓ દ્વારા ઉકેલ મેળવે

પ્રશ્ન-૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) ૧૦૦ રૂપિયાની પાંચ નોટ એટલે કેટલા રૂપિયા ?..........................
(અ) ૫૦૦ (બ) ૧૦૦ (ક) ૧૦૦૦ (બ) ૫૦૦૦

(૨) ૧ રૂપિયાના ૫૦ પેસાના સિક્કા કેટલા થાય ? .................................
(અ) ૪ (બ) ૫ (ક) ૨ (ડ) ૧

(૩) ૧૦ પૈસાના ૧૦ સિક્કા એટલે કેટલા રૂપિયા ?......................................
(અ) ૧૦ રૂપિયા (બ) ૧૦૦ રૂપિયા (ક) ૧ રૂપિયો (ડ) ૧૦૦૦ રૂપિયા

(૪) ૧૦૦ રૂ. ની છ નોટ, ૫૦ રૂ.ની એક નોટ, ૧૦ રૂ.ની બે નોટ, અને ૧ રૂ. ના પાંચ સિક્કા એટલે કેટલા રૂપિયા ?
(અ) ૫૮૫ (બ) ૬૭૫ (ક) ૫૭૫ (ડ) ૬૮૫

(૫) ૨૦૦૦ ની બે નોટ = ...................રૂપિયા.
(અ) ૨૦૦૦ (બ) ૬૦૦૦ (ક) ૫૦૦૦ (ડ) ૪૦૦૦

પ્રશ્ન - ૨. નીચે એક પસ્તી - ભંગારવાળાની ભાવની યાદી આપેલી છે. તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

| ભવાની યાદી | |
|---|---|
| વસ્તુ | રૂ. પ્રતિ કી.ગ્રા. |
| રદ્દી કાગળ | ૧૨ રૂ. |
| વર્તમાન પત્ર | ૧૫ રૂ. |
| લોખંડ | ૩૦ રૂ. |
| પિત્તળ | ૨૫૦ રૂ. |
| પ્લાસ્ટિક | ૧૮ રૂ. |

(૧) ૨૪ કિગ્રા રદ્દી વેચીએ તો કેટલા રૂપિયા મળે ?

(૨) ૩૨ કિગ્રા વર્તમાન પત્રની કિંમત કેટલી થાય ?

(૩) ૧૨ કિગ્રા લોખંડ વેચીએ તો કેટલા રૂપિયા મળે ?

(૪) ૨૫ કિલો પ્લાસ્ટિકના કેટલા રૂપિયા મળે ?

(૫) રઘુએ ૪ કિગ્રા પિત્તળ અને જગુએ ૩૦ કિગ્રા લોખંડ ભંગારવાળાને વેચ્યું, તો બે માંથી કોને વધારે રૂપિયા મળે?

પ્રશ્ન- ૩. ઉદાહરણ પ્રમાણે ગુણાકાર કરો.

૧૧ × ૬૩

| | ૬૦ | ૩ |
|---|---|---|
| ૧૦ | ૬૦ ×૧૦ = ૬૦૦ | ૩ × ૧૦ = ૩૦ |
| ૧ | ૬૦ ×૧ = ૬૦ | ૩ × ૧ = ૩ |

૬૦૦
+ ૬૦
+ ૩૦
+ ૩
૬૯૩

(૧) ૨૪ × ૫૨ =

(૨) ૧૫ × ૪૫

(૩) ૨૨ × ૩૬

પ્રશ્ન-૧. નીચેના દાખલા ગણો.

| | |
|---|---|
| (૧) સુરેશભાઇ પાસે ૩ રિક્ષા છે, તેઓ એક દિવસમાં એક રિક્ષામાંથી ભાડા પેટે ૧૮૦ રૂ. કમાય છે, તો તેઓ એક અઠવાડિયામાં કેટલા કમાતા હશે ? | (૨) રમણભાઇ ચાની દુકાન ચલાવી રોજના ૬૦ રૂ. કમાય છે, તો એક અઠવાડિયાના કેટલા કમાય ? એક મહિનામાં કેટલા કમાતા હશે ? |

(૩) બાબુ એ બેન્ક પાસેથી છ મહિના માટે ૨૦૦૦ રૂ. નુ ધિરાણ લીધુ અને બેન્કને દર મહિને ૩૫૦ રૂ. ચૂકવે છે, જયારે જગાએ કનૈયાલાલ પાસેથી ૨૦૦૦ રૂં નું ધિરાણ લીધું અને છ મહિના પછી ૨૪૦૦ રૂ. ચૂકવે છે. તો કોણ વધારે રૂપિયા ચૂકવશે ? કેટલા રૂપિયા ?

(૪) કિરણબેને ભંગારવાળા પાસેથી ૧ કિગ્રા પિત્તળ ૨૫૦ રૂ માં ખરીદ્યુ અને ૨૮૦ રૂ. માં વેચે છે. જો તેઓ ૮ કિગ્રા પિત્તળ વેચે તો તેઓ કેટલા રૂપિયા કમાશે ?

(૫) રીટાબેને એક ગામમાંથી ફેરી ફરીને કેટલોક ભંગાર ખરીદ્યો અને બધા થઇને ૧૨૪૫ રૂ. ચૂકવ્યા. અને આ ખરીદેલો ભંગાર મોટી ભંગારની દુકાને વેચી દીધો. ભંગારવાળએ રીટાબેનને ૫૦૦ રૂ.ની બે નોટ, ૧૦૦ રૂ.ની ત્રણ નોટ ૫૦ રૂ.ની એક નોટ અને ૧૦ રૂ.ની એક નોટ આપી. તો રીટાબેનને ફાયદો થયો હશે કે નુકસાન ? કેટલા રૂપિયા ?